દિવ્ય ભાસ્કર અમદાવાદ 14-10-2025

# ભારતના કેમિકલ ઉત્પાદનમાં એક તૃતીયાંશ હિસ્સો ગુજરાતનો

## ડુકોલ ઓર્ગેનિક્સ-કલર્સે ગ્રોથ સફરને મજબૂત કરી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતના અગ્રણી પિગમેન્ટ ડિસ્પરઝન અને સ્પેશિયાલિટી કેમિકલ કંપનીઓ પૈકી ડુકોલ ઓર્ગેનિક્સ એન્ડ કલર્સ લિમિટેડે ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને મૂલ્ય સર્જનની તેની ત્રણ દાયકાની સફરને સતત આગળ ધપાવી છે. તેના કેમેસ્ટ્રી આધારિત સોલ્યુશન્સ દ્વારા પેઈન્ટ્સ, પ્લાસ્ટિક, ટેક્સટાઈલ, ડિટર્જન્ટ, પેપર અને પ્રિન્ટિંગ ઇંક સહિતના વિવિધ ઉદ્યોગમાં એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. ભારતના કેમિકલ ઉત્પાદનમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો ગુજરાતનો છે અને આગામી પાંચ વર્ષમાં બાંધકામ, માળખાગત સુવિધાઓ અને ઉત્પાદનમાં રોકાણ દ્વારા 12થી 14 ટકાના સીએજીઆર દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે.

વડોદરા સ્થિત બિટુમગ ઈન્ડસ્ટ્રીઝ હસ્તાંતરણ વોટર પ્રૂફિંગ-કન્સ્ટ્રક્શન કેમિકલ સેગમેન્ટમાં વ્યૂહાત્મક પ્રવેશ છે, જે કંપનીના પરંપરાગત પિગમેન્ટ ડિસ્પરઝન વ્યવસાયથી આગળ વધીને વૈવિધ્યીકરણ કરવાની એકંદર વ્યૂહાત્મક વૃદ્ધિ યોજનાને અનુરૂપ છે. બિટુમગ પોલિમર-મોડિફાઈડ બિટુમેન-આધારિત મેમ્બ્રેન-લિક્વિડ -એપ્લાઈડ વોટરપ્રૂફિંગમાં પ્રમાણિત લીડર છે, જે વિકસતા 12,000 કરોડના વોટરપ્રૂફિંગ બજારમાં ડુકોલની હાજરીને મજબૂત બનાવે છે, જે વધતી જતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ માંગને કારણે વાર્ષિક 10 થી 12 ટકાના દરે વિસ્તરી રહ્યું છે. આ હસ્તાંતરણ મજબૂત પ્રોડક્ટ સિનર્જીને અનલોક કરવાની સાથે-સાથે નોન-ડિસ્પરઝન સ્પેશિયાલિટી મટિરિલ ક્ષેત્રે પ્રવેશ પણ સૂચવે છે, જેનાથી તેનો પોર્ટફોલિયો વધુ વ્યાપક થયો છે.